ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬



શશિ કપૂર શરત હાર્યા અને નંદાને મળ્યું મેરેજ પ્રપોઝલ! Pg.2



ક્યારેક હું ભૂલી જાઉં છું કે હું મેરીડ છું: તાપસી પન્નૂ Pg.4

# સલમાન 'ભાઈ' સે દુશ્મની યા યારી, પડે સબ પર ભારી..

ટોક ઓફ ધ ટાઉન



હિન્દી સિનેમામાં સલમાન ખાન તે 'યારોં કા યાર' કહેવાય છે. કારકિર્દીની શરૂઆત કરતી અભિનેત્રી માટે તે સૌથી મોટો આધાર બની જાય છે. પરંતુ, આનાથી વિપરીત, સલમાન સાથે જો દુશ્મની થઈ ગઈ હોય તો પછી ઈન્ડસ્ટ્રીમાં તે વ્યક્તિને કોઈ ટકાવી શકતું નથી. સલામન વિવાદોથી હંમેશા ઘેરાયેલો અભિનેતા છે. તેની સાથે દોસ્તી જે કરે તે પોતે પણ વિવાદોમાં સપડાય જાય છે અને દુશ્મની રે તો આ ઈન્ડસ્ટ્રીમાં ટકવું મુશ્કેલ બની જાય છે. સલમાન સાથે દોસ્તી રાખવાનો ભયાનક અનુભવ ટાઈગર શ્રોફને પણ હાલમાં થયો છે.

હાલમાં જ આપણે ન્યુઝ સાંભળ્યા હતા કે બિશ્નોઈ ગેંગની એક વ્યક્તિએ ટાઈગર પર ગોળી ચલાવીને હુમલો કર્યો. જોકે, તેમાં ટાઈગર બચી ગયો પણ તેના ડ્રાઈવરને ઈજા થઈ ગઈ. હવે, બિશ્નોઈ ગેંગ એ ટાઈગર પર હુમલો શા માટે કર્યો તે સમજવા આપણે થોડા વર્ષો પાછળ જઈએ. તમને સૌને યાદ તો હશે જ કે વર્ષ 1998માં ફિલ્મ હમ સાથ સાથ હેંના રાજસ્થાનમાં શૂટિંગ વખતે સલમાન પર કાળીયાર [કાળા હરણ]નો શિકાર કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. કાળા હારનને બિશ્નોઈ પ્રજા ઘણું પવિત્ર માને છે અને તેનો શિકાર કરવા બદલ લોરેન્સ બિશ્નોઈ કે જે જેલવાસ ભોગવી ચુકેલો એક ગેંગસ્ટર છે તે સલમાન પર હુમલો કરાવે છે. એટલું જ નહિ, 'દુશ્મનનો દોસ્ત દુશ્મન જ કહેવાય' એ કહેવત પ્રમાણે તેઓ સલમાન સાથે મિત્રતા રાખતી દરેક વ્યક્તિ પર પણ હુમલો કરે છે. તેનું અગાઉનું એક ઉદાહરણ આપણને મળી આવે છે. આગાઉ, મહરાષ્ટ્રના એક ભૂતપૂર્વ મીનીસ્ટર બાબા સિદ્દીકી પર જીવલેણ હુમલો કરીને તેમની હત્યા કરવામાં આવી હતી કારણ કે તેનો સલમાન સાથે ગાઢ સંબંધ હતો. આ ઉપરાંત, ટાઈગરને જે ધમકી ભરેલા પત્ર મળ્યા હતા તેમાં તેમણે સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે જે કોઈ સલમાન ખાન સાથે સંબંધ રાખશે તે બધા તેમના નિશાના પર આવી જશે. આમ, સલમાન સાથે મિત્રતા રાખવામાં જીવનું જોખમ રહેલું છે. સલમાન પર કાળા હરણના શિકારનો જે કેસ થયો તેમાં તેની સાથે સોનલી બેન્દ્રે, તબ્બુ અને સૈફ અલી ખાનનું નામ પણ આવ્યું હતું. સલમાન સાથેની દોસ્તીને કારણે તેઓ પણ હજી સુધી કોર્ટના ચક્કર કાપ્યા કરે છે.  સલમાન સાથે મૈત્રી રાખવાથી વિવાદોમાં પણ તમારું નામ જોડાય જાય છે. તેનુ શ્રેષ્ઠ ઉદાહરણ કેટરીના કેફથી વધારે કોણ આપી શકે જ્યારે કેટરીના અને સલમાન સાથે કામ કરતી હતી અને તેમની વચ્ચે મિત્રતા હતી. ત્યારે તેઓ એકબીજાને ડેટ કરી રહ્યા છે તેવી સતત વાત સાંભળવા મળતી હતી. જોકે, આ વાતની તેમણે ક્યારેય પુષ્ટી કરી ન હતી અને હાલમાં જ્યારે લોકો દ્વારા કેટરીનાનું ટ્રોલિંગ થયુ ત્યારે પણ સલમાન જ તેના પક્ષમાં ઊભો રહે છે? આમ, મૈત્રી નિભાવવામાં સલમાનની તોલે કોઈ ન આવે! સલમાનનો અત્યાર સુધીનો સૌથી મોટો વિવાદ ગણીએ તો તે ઐશ્વર્યા રાય અને વિવેક ઓબેરોય સાથે થયો કહેવાય. સલમાન અને ઐશ્વર્યા જ્યારે ડેટ કરતા હતા ત્યારે સલમાને ફિલ્મ 'ચલતે ચલતે'ના સેટ પર જઈને ઘણો વિવાદ ઊભો કર્યો હતો જેના કારણે ઐશ્વર્યાને તે ફિલ્મમાંથી પડતી મુકવામાં આવી હતી અને વળી જ્યારે તેમનું બ્રેકઅપ થયું ત્યારે તેમની વચ્ચે એટલા કડવા બનાવો બન્યા કે જેના કારણે તેમની વચ્ચે મોટુ અંતર આવી ગયુ હતું અને મીડિયામાં પણ તે ચર્ચાનો વિષય બની ગયા હતા. જ્યારે વિવેકે સલમાનને તેને ઐશ્વર્યા સાથે સંબંધ રાખવા બદલ ધમકી આપી છે એવું જણાવવા પ્રેસ કોન્ફરન્સ રાખી ત્યારથી



વિવેકને ઈન્ડસ્ટ્રીમાં ફિલ્મ્સ મળતી બંધ થઈ ગઈ. તેની કારકિર્દી લગભગ સમાપ્ત થવાને આરે આવી ગઈ હતી. સલમાનની તેના સાથી કલાકરો સાથે પણ ઘણીવાર વિવાદ થયો છે જેમકે, તેના એક સમયના ખાસ મિત્ર શાહરૂખ ખાન સાથે પણ 2008 ની એક પાર્ટીમાં ઝઘડો થયો હતો અને બન્ને એ લાંબા સમય સુધી એકબીજા સાથે વાતચીત પણ કરી ન હતી. જોકે, તેમની વચ્ચેનો મતભેદ તો દૂર થઈ ગયો પણ અર્જુન કપૂર (તે સલમાનની બહેન અર્પિતા સાથે રીલેશનશીપમાં હતો) સાથેનો મતભેદ હજી સુધી દૂર થયો નથી. અરબાઝની પત્ની મલાઈકા અરોરા ખાન સાથે અર્જુનના ભૂતકાળમાં સંબંધો હતા, જેના કારણે તેમની વચ્ચે અંતર આવી ગયું હતું. ઉપરાંત, ગાયક અરિજિત સાથે પણ સલમાનનો એક ગીતને લઈને અને એક એવોર્ડ શો વખતે મતભેદ ઊભો થયો હતો જેના માટે અરીજીતે સલમાનની માફી પણ માંગવી પડી હતી. વળી, સુત્રોના જણાવ્યા પ્રમાણે, અરીજીતે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડી દીધી તેની પાછળ પણ સલમાનનો હાથ છે એવું માનવામાં આવે છે.    આમ, સલમાન સાથે દોસ્તી કરવી પણ ભારે પડે છે અને જો દુશ્મની કરીએ તો તે પણ ભારે પડે છે. દોસ્તી કરીએ તો ઈન્ડસ્ટ્રીની બહારથી મળતી ધમકીઓ અને તેમના હુમલાનો શિકાર બનવાનું જોખમ રહે છે તો, વળી, સલમાન સાથે દુશ્મની કરીએ તો ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રહેવું અને સફળતા મેળવવી અઘરી થઈ જાય છે. સલમાન પર અને તેના ઘરની પાસે ઘણીવાર ગોળી બાર થયો છે અને આ કારણસર તેને પોલીસ પ્રોટેક્શન પણ મળ્યું છે. પણ, જો તેના મિત્રોને પણ ટાર્ગેટ કરવામાં આવતા હોય તો પોલીસે કેટ કેટલાની સુરક્ષામાં ઊભા રહેવું પડશે? ટાઈગર શ્રોફની જ વાત કરીએ તો તેને બિશ્નોઈ ગેંગ તરફથી મળેલી સલમાન સાથે સંબંધ ન રાખવા માટેની ધમકી અને જીવલેણ હુમલો જ બતાવે છે કે સલમાન સાથે દોસ્તી રાખવી પણ જોખમનું કામ છે. હવે, એ જોવાનું રહે કે ઈન્ડસ્ટ્રીના લોકો આવી ઘટનાઓને કેવી રીતે લે છે? શું તેઓ ખરેખર સલામન સાથે સંબંધ તોડી દેશે કે તેની સાથે દોસ્તી ચાલુ રાખશે? એ તો સમય જ બતાવશે... •

> સલમાનની તેના સાથી કલાકરો સાથે પણ ઘણીવાર વિવાદ થયો છે જેમકે, તેના એક સમયના ખાસ મિત્ર શાહરૂખ ખાન સાથે પણ 2008 ની એક પાર્ટીમાં ઝઘડો થયો હતો અને બન્ને એ લાંબા સમય સુધી એકબીજા સાથે વાતચીત પણ કરી ન હતી



## આયુષ્માનનું ઉડતું તીર નેપાળમાં ફસાયું!



અરે યાર! બોલિવૂડના ગલીઓમાં ગપસપનું એક નવું મસાલેદાર પતંગું ઉડી ગયું છે! વાત એમ છે કે આયુષ્માન ખુરાના અને સારા અલી ખાનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ઉડતા તીર' થીએટર્સમાં આવે એ પહેલાં જ એક એવા મોટા ધમાકામાં ફસાઈ ગઈ છે કે બધાના હોશ ઉડી ગયા છે!

ફિલ્મની રિલીઝ ડેટ ૨૩ ઓક્ટોબર નક્કી હતી, અને ફેન્સ ઉત્સાહમાં ગૂગલ પર કાઉન્ટડાઉન કરી રહ્યા હતા. ત્યાં જ પાડોશી દેશ નેપાળથી એક એવી ખબર આવી કે બોલિવુડના કોરિડોરમાં સન્નાટો છવાઈ ગયો. નેપાળના 'સેન્ટ્રલ ફિલ્મ સેન્સર બોર્ડ' એ આ ફિલ્મના પબ્લિક સ્ક્રીનીંગ પર સીધો જ પ્રતિબંધ મૂકી દીધો છે! ભાઈ, વાત જાણે એમ છે કે સેન્સર બોર્ડને લાગ્યું કે આ ફિલ્મ નેપાળના સિનેમા કાયદાની કોઈક કલમનું ઉલ્લંઘન કરે છે.

હવે અસલી મસાલો તો એ છે કે નેપાળ મિનિસ્ટ્રી ઓફ કમ્યુનિકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીએ ત્યાંના લોકલ ડિસ્ટ્રિબ્યુટર 'નેશનલ સિને ગ્રુપ નેપાળ'ને ઓફિશિયલ પત્ર મોકલીને સીધી ના પાડી દીધી છે કે ભાઈ, તમારી ફિલ્મ અહીંયા નહીં ચાલે! પણ સૌથી મોટો સસ્પેન્સ એ છે કે બોર્ડ કે મંત્રાલયે હજુ સુધી એવું ખુલ્લું નથી પાડ્યું કે આ ફિલ્મમાં એવું તો શું હતું જેનાથી એમને વાંધો પડ્યો!

સોશિયલ મીડિયા પર ગોસિપ ગર્લ્સ અને બોલિવૂડના કીડાઓ અંદાજા લગાવી રહ્યા છે કે આયુષ્માન અને સારાની આ જોડીએ એવું તો કયું 'તીર' ચલાવ્યું કે નેપાળની સેન્સર બોર્ડની ગાડી અટકી ગઈ? શું કોઈ સીન પર કાતર ફરી છે કે કોઈ ડાયલોગ નડી ગયો? અત્યારે તો મેકર્સ પણ ટેન્શનમાં છે કે ભાઈ આ કેવા લોચા લાપસી થઈ ગયા!

આપણા બોલિવૂડ સ્ટાર્સની ફિલ્મો રિલીઝ થાય અને વિવાદો ન થાય એવું તો બને જ નહીં ને? હવે જોવાનું એ રહ્યું કે આયુષ્માન અને સારા આ 'ઉડતા તીર' ના વિવાદમાંથી બહાર નીકળવા માટે શું નવું તીર છોડે છે! ત્યાં સુધી આપણે સૌ આ મસાલેદાર ગપસપની મજા માણીએ છીએ! •

બોલિવ્લોગ વિથ પૉપ

## ગુલ પનાગે આપી પોતાને શાબાશી!



એક પ્રખ્યાત એક્ટ્રેસ હોવાની સાથે સાથે ગુલ પનાગ એક ખાનગી પાઈલટ તરીકેનું લાઈસન્સ પણ ધરાવે છે. ડોર ફિલ્મની એક્ટ્રેસએ હાલમાં જ્યારે તેનું પાઈલટ તરીકેનું લાઈસન્સ 10 વર્ષ બાદ રિન્યૂ કરાવ્યું ત્યારે તેણે ઈન્સ્ટાગ્રામ પર એક લાગણીશીલ પોસ્ટ શેર કરી. તેને પહેલી વાર જ્યારે પાઈલટ તરીકેનું લાઈસન્સ મળ્યું હતું, તેની યાદો ગુલ પનાગે આપણી સાથે શેર કરી. તેણે પોસ્ટમાં લખ્યું કે, આખરે તો જીવન એક દૃષ્ટિકોણ વિશે છે.

તેને પોતાનું આ સપનું પૂરું કરવામાં કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો તે ગુલ યાદ કરે છે. તે કહે છે, એક બાજુ વિમાન ઉડાવવાની ટ્રેનિંગ લેવી એક બાબત છે. અને વળી, તેને એક કારકિર્દી તરીકે લઈને અમુક કલાકો સુધી ઉડાવવું, બધી જ પરીક્ષાઓ પાસ કરવી, પેપરવર્ક પૂરું કરવું, તમારી મેડિકલ હેલ્થ તંદુરસ્ત રાખવી અને આ બધી જ પ્રક્રિયામાંથી પસાર થવું એ અલગ બાબત છે. એક રીતે જોતાં આ બધી બાબતો ઘણી સિમ્પલ લાગે છે, પરંતુ તે બધી સાથે મળીને એક મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા બનાવે છે, ખાસ કરીને જ્યારે તમે એક પ્રોફેશનલ તરીકેનું લાઈસન્સ મેળવવા માગતા હોવ. અને આખરે જ્યારે મને પહેલી વાર લાઈસન્સ મળ્યું ત્યારે હું ખુશીથી ગાંડી થઈ ગઈ હતી. મારાં ઘણાં બધાં સપનાંઓમાંનું એક મોટું સપનું પૂરું થયું હતું. ઓફિશિયલી પાઈલટ બન્યાના 10 વર્ષ પછી તેને ખ્યાલ આવ્યો કે લાઈસન્સ ધરાવવું શું છે અને તેને ટકાવી રાખવું એક અલગ બાબત છે. એવા ઘણા લોકો હશે, જેમણે પોતાની પાઈલટની ટ્રેનિંગ પણ પૂરી કરી ન હોય. તો કેટલાક તેમની પરીક્ષા પાસ કરી શક્યા ન હોય, તો વળી કેટલાકે લાઈસન્સ મળ્યા બાદ તેને રિન્યૂ જ કરાવ્યું હોતું નથી, એમ ગુલ ઉમેરે છે. હું ફરી પોતાને આ વિશે શાબાશી આપવા માગું છું. આ વખતે ભલે હું લાઈસન્સ રિન્યૂ કરાવવા જ આવી હતી, છતાં મને જે અનુભૂતિ થઈ હતી તે પહેલાં થઈ હતી તેવી જ છે. કદાચ પાઈલટના લાઈસન્સ સાથેની મારી લાગણી કાયમ અકબંધ રહેશે. •

## વિજયને પાણીના જ વિચારો આવતા હતા..!



સાઉથના એક્ટર વિજય દેવરકોંડાએ તેની પૅન-ઈન્ડિયન ફિલ્મ લાઈગર વિશે એક રસપ્રદ વાત જણાવી છે. વિજય જણાવે છે કે જ્યારે તે આ ફિલ્મનું શૂટિંગ કરતો હતો ત્યારે તેણે ફક્ત 200 મિલીલીટર પાણી જ પીવાનું હતું. તેના કારણે તેને દિવસ-રાત પાણીના જ વિચારો આવતા હતા.

વિજય જણાવે છે કે લાઈગરના શૂટિંગ વખતે તેને ઘણી શારીરિક તકલીફો પડી હતી. તે વધુમાં જણાવે છે કે, મારે શૂટિંગ દરમિયાન ફક્ત 200 મિલીલીટર પાણી જ પીવાનું હતું. હું મારા દિવસની શરૂઆતમાં જ ચારથી છ લીટર પાણી પી લેતો હતો. તે ઘટાડીને ધીમે ધીમે 200 મિલીલીટર કરવામાં આવ્યું હતું. આ એક અનહેલ્થી જીવનશૈલી છે. મને દિવસ-રાત ફક્ત પાણીના જ વિચારો આવતા હતા. મારું મન પાણીના જ વિચારો કરવામાં વ્યસ્ત રહેતું હતું. મને લાગતું હતું કે હું આ રીતે કામ કરી શકીશ નહીં. ક્યારેક તો મને ફક્ત બરફ ચૂસીને સંતોષ માનવો પડતો. મને વધારે પાણી પીવાની પરવાનગી ન હતી. હું રાત્રે સૂતી વખતે પાણી, પાણી, પાણી એમ જ વિચાર્યા કરતો. હું જાણતો હતો કે ચાર કલાકનું શૂટિંગ પૂરું કર્યા બાદ જ હું પાણી પી શકીશ. મેં મારી ટીમને ઓર્ડર આપી દીધો હતો કે મને ચાર લીટર નારિયેળનું પાણી લાવી આપો. મને ફૂડ નથી જોઈતું. ફક્ત ઠંડું નારિયેળનું પાણી!

કરણ જોહર દ્વારા પ્રોડ્યુસ કરાયેલી ફિલ્મ લાઈગર થિયેટરમાં વર્ષ 2022માં રિલીઝ થઈ હતી અને તે બોક્સ ઑફિસ પર નિષ્ફળ રહી હતી. આ ફિલ્મ એક સ્પોર્ટ્સ એક્શન ફિલ્મ હતી. તેમાં વિજયની સાથે અનન્યા પાંડે, રમ્યા કૃષ્ણન, રોનિત રોય અને માઈક ટાયસન મુખ્ય ભૂમિકામાં હતાં. •